કેસરિયા બ્રિગેડનું નવું સૂત્ર... 'યે તો સીર્ફ ઝાંકી હૈ, આંધી-તુફાન બાકી હૈ....!!'

ભાગવતની રામાયણ, ભાજપમાં મહાભારત !

યે તો સીર્ફ ઝાંકી હૈ....

તંત્રીશ્રી,

ભાગવત, રામાયણ, મહાભારત વગેરે શબ્દો જીવનના ઉધ્ધાર તરફ દોરે તેવો છે, પરંતુ ભાજપ-સંઘ પરિવાર માટે આ શબ્દોએ ભવાઇ શરૂ કરી દીધી છે. સંઘ વડા ભાગવત સંઘને સક્ષમ બનાવવાને બદલે વારંવાર ભાજપની રામાયણ આદરીને બેસે છે. મહાભારતમાં ફસાયેલો ભાજપ ભાગવત પર પ્રહારો કરીને બુધ્ધિનું દેવાળું ફુંકે છે. પાંડવોને બચાવવા કૃષ્ણએ ભૂમિકા ભજવી હતી. પરંતુ ભાજપના મહાભારતમાં લાલકૃષ્ણ પક્ષની પથારી ફેરવવામાં અગ્રીમ ભૂમિકા ભજવે છે. ભારતનો મુખ્ય વિપક્ષ આત્મહત્યાના માર્ગે જઇ રહ્યો છે. રામને તડકે મૂકીને અચાનક ઝીણાપ્રેમી બની ગયેલા ભાજપીઓને ગુજરાત સિવાય કયાય ઉભવા જેવું રહ્યું નથી. રામના નામે મતો લઇને ભાજપીઓ રાવણ-કંસના કાર્યો કરવા લાગ્યા છે.

આ બધી બાબતો કરોડો ચાહકો માટે આઘાતજનક છે. હવે ભાજપને કિમો થેરાપીનો નહિ, નવા અવતારની જરૂર છે. લબાડ નેતાઓને રજા આપીને આક્રમક નેતાને સ્થાન આપો, નહિ તો મતદારો આ લોકો માટે કોઇ સ્થાન રહેવા નહિ દે.

- પંકજ પરમાર

રાજાશાહી ગઇ, બરબાદી આવી!

તંત્રીશ્રી,

પ્રજા અને પ્રાણીમાત્રના પ્રતિપાલ રાજાઓનું રાજ આંચકી લેવાનું ભયંકર ષડયંત્ર ખેલાઇ રહ્યું હતું ત્યારે અમારા વડીલોએ સખ્ત વાંધો ઉઠાવવાની ખાસ જરૂર હતી પરંતુ તેઓ કાંઇ સમજી શકયા નહીં હોય પરિણામે તેઓ ઉદાસિન તેમજ તદન નિષ્ક્રિય રહ્યા. જેનું પરિણામ દુઃખદ છે. તેઓની નિર્દોષપણે પણ આ એક અક્ષમ્ય ગંભીર ભૂલ હતી. તેઓને એ ખ્યાલ પણ ન આવ્યો કે રાજાઓને દૂર કરવાથી સમસ્ત પ્રજા પાયમાલ થઇ જશે, નોધારી બની જશે. ૧૯૪૭-૪૮ માં જે કાંઇ બન્યું તેનું અમને ઘણું જ દુઃખ છે અને અમે રાજવી પરિવારોની હૃદયથી ક્ષમા માંગીએ છીએ.

આપણા રાજાઓ પણ હેબતાઇ ગયા હશે પરિણામે તે ઘણી મોટી ભૂલ કરી બેઠા. રાજ સોંપી દીધા. સને ૧૯૪૭ માં અંગ્રેજો આયોજીત ભારતનું જે કૃત્રિમ રાજ ઉભુ થયું તેમાં રાજાઓના રાજને ભેળવી દઇ પ્રજાનું શિરછત્ર ઝૂંટવી લીધુ, પરિણામે પ્રજાને તદન અનાથ કરી દેવાની અંગ્રેજોની કૂટ નીતિ પાર પાડી ગઇ. હકીકતમાં રાજના માલિક રાજાઓ હતા જ નહીં. તેઓ ઈશ્વર કે દેવ-દેવીઓના દિવાન કે મુનીમ તરીકે રાજ ચલાવતાં. આથી ૧૯૪૭ માં જે પ્રકારનું કૃત્રિમ શાસન ઉભુ થયું તેના તંત્ર વાહકોએ દબાણ કે બળજબરી કરીને રાજાઓને કરારનામામાં સહી કરવાની ફરજ પાડવામાં આવી. આ બધી જ ગતિવિધ સંપૂર્ણપણે અન્યાયપૂર્ણ અને ગેરકાયદેસરની હતી.

રાજાઓને રાજ સોંપી દેવાની કોઇ સત્તા જ નથી. અધિકાર ન હોવા છતાં રાજાઓએ સહી કરી આપી તે તેમની અક્ષમ્ય ભુલ હતી. હવે આ ભુલ સુધારવી જ રહી જે દેશી બેરીસ્ટરો કે જેમના દ્વારા બ્રિટીશ શાસકોએ ધાર્યુ કર્યુ તે કોઇ ખુલાસો કરવા હૈયાત જ નથી. નહિં તો ભયંકર અન્યાયનો જવાબ જરૂર માંગવામાં આવત અને આર્ય રાજ પધ્ધતિથી સજ્જ ધર્માચાર્યો નિયંત્રિત ન્યાયાલયમાં કામ ચાલત. ખરે! જાગ્યા ત્યારથી સવાર, આપણે આપણી અસલ રાજ - ન્યાય વિગેરે પ્રથા તરફ પાછા વળીએ અને વિક્રમ સવંત ૨૦૬૬ માં પરદુઃખભંજન સમ્રાટ વિક્રમાદિત્યના આદર્શની આદર્શ સુવ્યવસ્થાઓની પુનઃ સ્થાપના કરવા પ્રતિજ્ઞા લઇએ. દિવ્ય શકિત અવશ્ય સહાયરૂપ થશે.

-સુમનલાલ કામદાર (રાજકોટ)

શણગાર

ઢીંગલી મારી લાગે પ્યારી
વદન પર નિર્દોષ ભાવ
ઢીંગલી છીનવાઇ જાય તે પહેલાં
શોળે શણગારૂં આજ....
તમસ રોશની રૂપ આલમનું
ઉભા છે તારી પાસ
દર્શન કરાવું રોશની કેરા
રહે ઉમંગ ખુશી પાસ...
સંસ્કૃતિની પાયલ પહેરાવી
સંભળાવું ઝરણાનો નાદ
ક્ષિતિજનું અંજન આંજીને
કરાવું જીવન દર્શન આજ...
મહિયરનું અણસમજ બાલપણ
તારો પિયુ છે પેલે પાર
સમજણના સાથિયા પુરીને
વળાવું સાસરીયા વાટ...
સંસ્કારનો કદી ભાર ન લાગે
સંસ્કાર છે સ્વાભિમાન
સંસ્કાર છે તો જીંદગી રૂડી
''પ્રભુ'' કહે એ જ સાચી મુડી...

પી.એન.ટાંક (અંજાર)

માપ

શું, પૂજા છે ને વળી શું જાપ છે,
એ ભીતરની શકિતઓ પર કાપ છે.

આજનો યુવાન ભટકે ખુદ બ ખુદ,
તે છતાં બદનામ તો માબાપ છે.

સાધનો સુખના, બીજું કંઇ પણ નથી,
એ જીવન પુરૂષાર્થ ઉપર કાપ છે.

ઓળખા જો નામથી તારા જ તું,
કોણ પૂછે, કોણ તારો બાપ છે.

પાપીઓએ પાપની વ્યાખ્યા કરી,
શું વધુ એથી ય મોટુ પાપ છે ?

વિશ્વનું આ શ્રેષ્ઠ સર્જન માનવી,
ઈશ્વરે ખાધેલ મોટી થાપ છે.

કોઇની ઉતરણ છે વૈભવ કોઇનો,
સુખના 'મહરમ' કેવા જુદા માપ છે.

- પ્રતાપ રેવર (રાજકોટ)

જાય છે...

માનવ બુધ્ધિની અહો ? શું કરૂ વાત,
ચરમ સીમાની પણ સીમાં હટાવી જાય છે.
ખોવાઇ ગઇ છે સોય, નિજ ઘરમાં ને,
શોધવા બહાર- શેરીએ શેરીએ જાય છે.
સાગરની શું ખબર હોય કૂપ મંડપોને,
ખાબોચિયાથી ન્હોય મોટો-અમે કહી જાય છે.
સમજ એવી છે કે નજીકનું તે સ્પષ્ટ દેખાય,
હો સંજય દૃષ્ટિ તો દૂરનું પણ દેખી શકાય છે.
કૂબેર પણ ભિખારી તેને લાગે છે,
જે શાશ્વત બ્રહ્મરસનુ પાન કરતો જાય છે.
પોતાનામાં જ છે શિવ અને શકિત,
ને તોય ભારાડી-ભુવા પાસે જાય છે.
બધો આપમેળે મેળ ખાય, તે જ માણે મેળો,
''મન-મોહ'' હો તો વગર મેળવ્યો બધું મળી જાય છે.

- કિશોરચંદ્ર ભટ્ટ
(રાજકોટ)

તક્તી

કયારે કોણ વીંધી નાખશે ? આ દુનિયા શિકારી છે,
પોતાનો ય દગો દે અહિંય, આ દુનિયા ઠગારી છે.

કયાં ખબર હતી ? એની પાસે બધું જ હારી જઇશ !
ચોગઠી ચાલ એની ન્યારી ? એ અઠંગ જુગારી છે.

મેં તો મારા જ ગણ્યા'તા, અહીં બધાને,
તોય એણે જ ચાંપી ચિનગારી, ને આગ લગાડી છે !

બની ને, રહેવું'તું અહિં તો, ઇનશાન મારે,
ગણી મને શયતાન, પછી ચકચાર જગાવી છે.

દાઝી ગયો હું દુઃખો સહીં સહીં, આ દુનિયાનાં,
લાગી જે લ્હાય જિગરમાં, દુશ્મને બુઝાવી છે !

અહીં કયાં કોઇ, કોઇની કદર કરે છે,
જલાવી જિંદગી અમે તો, જયોત જગાવી છે.

ને ઘર સુધી જ સૌએ, રાખ્યો સંબંધ સુવાળો,
આવતાં જ સ્મશાન, લાશ મારી ફગાવી છે.

કોઇએ કયાં કદી અહીં, મારો કિધો છે મને,
''નટવર'' લખી સૌએ, તકતી ભીંતે લગાડી છે !

- નટવર ટાંક (જૂનાગઢ)

કુદરતને

એકલો છું, અટુલો છું તમને મળવા માટે આતુર છું,
પણ જીવનની જટીલતામાં અટવાયો છું ઘણો મજબુર છું,
હું અહીંજ છું, તમારી પાસે જ છું હું કયાં તમારાથી દુર છું.?
શુ હાલત છે મારી આવીને જોય લ્યો, દુખોથી ભરપૂર છું.
હું ભાંગી પડયો છું, તુંટી ગયો છું. આફતોથી ચકનાચૂર છું,
જીંદગી એક સંગીત છે દુનિયા આખીય વાંસળીને હું
લેહરાતો સૂર છું.

-પરિમલકુમાર સોલંકી(અમરેલી)

મોંઘવારીની રાજનીતિ

તંત્રીશ્રી,

૧૯૬૫ ની ચૂંટણી વખતે ચીન-પાકિસ્તાનની લડાઇ વખતે તે સમયના સ્વ. લાલબહાદુર શાસ્ત્રીજી આપણા દેશના વડાપ્રધાન પદે હતાં અને આવી પડેલી કટોકટીની પળોએ તેમણે જાહેરમાં કહેલું કે આપતિનો સામનો કરો. ખોટા નિવેદનો કરવાએ કાયરતાનું લક્ષણ છે. અનાજનું ઓછું ઉત્પાદન હોય તો પ્રજાએ, નેતાઓએ કરકસરના પગલા લઇ કટોકટીનો સામનો કરવો જોઇએ.

જયારે અત્યારના નેતાઓ આ વધતી જતી મોંઘવારી સામે કડક હાથે પગલા લઇ સંગ્રહાખોર-કાળાબજારીયા વેપારીઓ, ઉદ્યોગપતિઓને આમ જનતા માટેની જરૂરીયાતની વસ્તુઓ વ્યાજબી ભાવે મળી રહે તેવો પ્રબંધ કરવા એલાન કરવું જોઇએ. બજારમાં કંઇ વસ્તુઓના ભાવ વધ્યા નથી? અનાજ, તેલ, ઘી, દૂધ, ખાંડ, કઠોળ, ચા, આ બધી વસ્તુઓ આપણા જ દેશમાં થાય છે. દેશના દરેક રાજયોમાં વરસાદ ઓછો નથી. જે વિસ્તારમાં વરસ સારૂં હોય ઉત્પાદન સારૂ હોય ત્યાંનો જરૂરીયાતનો માલ અરસપરસ એકબીજા રાજયોમાં સમજૂતી દ્વારા પુરો પાડવામાં આવે તો દેશની કઠીન સમસ્યાનો હલ આવે.

પ્રજાએ પણ જરૂરીયાતની વસ્તુઓનો દુરુપયોગ કર્યા વગર કરકસરથી પોત પોતાના ઘરનો નિર્વાહ કરવો જરૂરી છે. સંયમ અને સંતોષ રાખવો. હડતાલ કે આંદોલનના ખોટા માર્ગો લઇ દેશને, મિલ્કતને નુકશાન પહોંચવું એ આપણી જાતને જ નુકશાન કર્યા બરોબર છે. નોકરીયાતોએ પણ કપરા સમયમાં મળતી સવલતોમાં સંતોષ રાખવો. વધારાની માંગણી કરવાથી ઉલ્ટાનું આપણને જ મોંઘવારી દ્વારા સહન કરવું પડશે.

- વિનય ભોજાણી (ગોંડલ)

મોકળુ મેદાન...ઉઠાવો કલમ

પ્રિય વાચક મિત્રો,

''મોકળુ મેદાન'' વિભાગ દર ગુરૂવારે પ્રકાશિત થાય છે. જેમાં આપનાં મંતવ્યો, પ્રશ્નો તથા સ્વરચિત કાવ્યકૃતિઓ, હાઇકુ, લઘુકથાઓ અને કાર્ટૂનો પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપના અભિપ્રાય, પ્રશ્નો, કૃતિઓ પોસ્ટકાર્ડ પર પણ મોકલી શકાય છે... ઉઠાવો કલમ

: સરનામૂ :
અકિલા દૈનિક
મોટી ટાંકી ચોક, સદર, રાજકોટ

સતમાર્ગે વળો

તંત્રીશ્રી,

લોકો સતમાર્ગે ચાલે ત્યારે જ સમાજની પ્રગતિ થાય છે. અસત માર્ગ હંમેશા વિનાશનું કારણ બને છે. સતમાર્ગને અપનાવવાથી સમાજમાં નૈતિકતા, પવિત્રતા અને શુધ્ધતા આવે છે. સમાજમાં જો અપવિત્રતા અને અનૈતિકતા હશે તો તે દરેક માણસ સુધી પહોંચીને તેનામાં દોષ પેદા કરશે. તેથી કયારેય પણ અસત માર્ગને પ્રોત્સાહન આપવું જોઇએ નહીં.

સમાજમાં જે દુશ્મનો છે તેઓની ગણતરી મોટે ભાગે શોષણખોર અને સ્વાર્થી વર્ગમાં જ થાય છે. આવા તત્વો સમાજને ખોખલો બનાવી દે છે. સમાજના આવા દુશ્મનોને બને તેટલા જલદીથી બહાર ખેંચી કાઢવા જોઇએ સમાજમાં બધા મનુષ્યોએ ભગવાનના દિવ્ય ગુણોનો સ્વીકાર કરીને સતમાર્ગ પર ચાલવું જોઇએ. અને બધાની ઉપર ઉપકાર કરવા પુરુષાર્થ કરતા રહેવું જોઇએ. દરેક મનુષ્યે નુકસાનકર્તા કે દુઃખ આપનાર પાપકર્યોથી પોતાની જાતને બચાવી રાખવી જોઇએ. અને ધર્મપાલન તથા સંયમના સરળ અને લાભદાયક માર્ગ પર આગળ વધતા રહેવું જોઇએ.

- રૂપેશ પરમાર (મોરબી)

મધ્યાન ભોજન... ગતકડાનો સ્વાદ!

તંત્રીશ્રી,

મધ્યમ ભોજન યોજનામાં અપાતા હલકી કક્ષાના રેશનીંગ લોટનું પ્રથમ વિચારવું જોઇએ. પંડીત દીન દયાલ ઉપાધ્યાયની તીથીના દિવસથી રાજય સરકાર દ્વારા મધ્યાહન ભોજન યોજનાના બાળકોને અપાતા ભોજનમાં પોષક તત્વોનું પ્રમાણ પુરતુ રહે અને કુપોષણની સમસ્યાનો નિકાલ આવે તે માટે ૪૪ લાખ બાળકોને ઘઉંના ફાંફા ફાઇટ લોટ આપવાની યોજનાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

રાજકીય ગતકડાથી સામાન્ય જનતાને મામા બનાવામાં આવી યોજનાઓ લોકાપર્ણ ભપકાઓ પાછળથી વાસ્તવિકતા પણ જાણવા જેવી છે.

મધ્યાન ભોજન યોજનામાં બાળક દીઠ જેટલુ તેલ કે લોટ ફાળવવામાં આવે છે તેમાંથી એકપણ રીતે પોષ્ટીક આહાર બનાવની કોઇ સંભાળતા જ નથી તાજેતરમાં જ મધ્યાન ભોજન યોજનામાં બાળકોને અપાતો ખોરાક જીવાતો વાળો અતી હલકી કક્ષાના અનાજમાંથી બનાવામાં આવતો હોવાની ઘટના પ્રકાશમાં આવેલી અને આ વાતનું પુનઃરાવર્તન પણ અવારનવાર થાય છે.

- રમેશ આર્ય (રાજકોટ)

પ્રબુધ્ધ નાગરિક શકિત મંચે કરવા જેવા કાર્યો

તંત્રીશ્રી,

ખુબ જ આનંદની વાત છે કે તાજેતરમાં ગુજરાતમાં 'પ્રબુધ્ધ નાગરિક શકિત મંચ' ની રચના થઇ. જો આવા સંગઠનનું બાળ મરણ ન થવા દેવું હોય તો નીચેની બાબતોને ધ્યાનમાં લેવી જોઇએ.

- પ્રબુધ્ધ નાગરિકની સૌથી પહેલી લાયકાત એ હોય છે કે તે પક્ષ પાતી ન હોવો જોઇએ.

- જે તે સરકારની કામગીરી સાથે તાલ મિલાવીને પ્રેરણા રૂપ કામ કરે તે પ્રબુધ્ધ નાગરિક.

- નબળી સરકારને પણ જોમ અને જુસ્સો ચઢાવે તેમજ સબળી સરકારને કામમાં મદદરૂપ બની પ્રગતિને ગતિ આપે તે પ્રબુધ્ધ નાગરિક.

- કોઇપણ પક્ષની સરકાર હોય, એ સરકારને મદદરૂપ બનવું, પોતાના શ્રેષ્ઠ વિચારોનું આદાન-પ્રદાન કરવું એ પ્રબુધ્ધ નાગરિકનું કર્તવ્ય છે.

- પ્રબુધ્ધ નાગરિકોએ શકિત મંચ રચી શકિતના પ્રદર્શનની કામગીરી કરવાને બદલે સમાજ અને સરકારને પ્રેરણા પુરી પડે તેવી કામગીરી કરવી જોઇએ.

- પ્રશાંત દવે

વડીલો પ્રત્યે યુવા પેઢી ફરજ ન ચૂકે

તંત્રીશ્રી,

આપણે સામાજીક ઢાંચો સંયુકત કુટુંબ પ્રથા ઉપર ઉભેલો છે. પરંતુ યુગ પરિવર્તનનો પવન ફુંકાવાને કારણે ચાલુ સદીમાં આ ઢાંચો દિન - પ્રતિદિન નબળો પડતો જાય છે. અને ખાસ કરીને જૂની પેઢી વચ્ચેનું અંતર વધતું જતું જણાય છે. માણસ આમ તો સામાજીક પ્રાણી છે. એટલે એક બીજા વગર જીવી શકતું નથી. અને એટલે જ આદીકાળથી જાતિઓ સમુહમાં ટોળાઓ સ્વરૂપે રહેતી પણ જેમ જેમ વૈચારિક બુધ્ધીનો વિકાસ થતો ગયો તેમ તેમ ઉત્ક્રાંતિની અસર હેઠળ માનવીનું સામાજીક પરિવર્તન આવતું ગયું અને સામુહિક ટોળાને બદલે કુટુંમ્બ પ્રથામાં સિમિત થતું ગયું. આ કુટુંમ્બપ્રથા મુજબ કુટુંબનો વડો સર્વોપરી ગણાતો અને બાકીનાં બધા તેમના વળપણ હેઠળ જીવતાં. ત્યારે મોટે ભાગે કુટુંમ્બનો વ્યવસાય એક જ રહેતો. એટલે વડીલ અને પુત્ર પૌત્ર સૌ વ્યવસાયિક ધોરણે પણ સાથે જ કાર્ય કરતાં એટલે સ્વાભાવિક રીતે કુટુંબના વડીલની આજ્ઞા અને આમાન્યના પરિપેક્ષમાં જ બધું સંચાલન થતું યુવાનો પણ આ પ્રથાને અનુસરતા કોઇ વાંધો ઉઠાવતું નહીં. વડીલ આગળ પાછળનો વિચાર કરી ભુતકાળનાં અનુભવને ધ્યાને લઇ સલામત અને સૌને હિતકારી હોય તેવા નિર્ણયો લેતાં અને તેમાં આવતીકાલનો પણ વિચાર કરવામાં આવતો. કૌટુંબિક પ્રસંગો અને ખર્ચાઓનું આયોજન ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાને લઇ મર્યાદામાં રહી કરવામાં આવતું. કરકસર યુકત સાદુ કોઇ જાતના દેખાડા વગરનું જીવન જીવવાની શૈલી સામાન્ય ગર્ભશ્રીમંત કુટુંમ્બોમાં રહેતી આવા કુટુંમ્બો સૌરાષ્ટ્ર-કચ્છમાં ભાટીયા, લોહાણા, વાણીયા, મહાજનો, અને વિદેશમાં વેપાર કરતાં કુટુંમ્બોમાં સામાન્ય રીતે જોવા મળતી. સાથો સાથ સામાજીક પરોપકારનાં કાર્યો પણ આ લોકો કરતાં. કચ્છ-સૌરાષ્ટ્રમાં સાર્વજનિક નિશાળો દવાખાનાં, મંદિરો, ધર્મશાળાઓ વિગેરેના આજપણ પુરાવાઓ મૌજુદ છે. ૨૦ મી સદીના ઉત્તરાર્ધમાં પરિવર્તનનો પવન ફુંકાતા ખાસ કરીને આઝાદી કાળથી સામાજીક જાગૃતિ શિક્ષણ અને સ્ત્રી જાગૃતિનો વ્યાપ વધતાની સાથે સ્વતંત્ર વિચાર કરવાની શકિત શિક્ષણનું સ્તર ઉંચુ આવતાં દરેક વ્યકિત પોતાની રીતે વિચારતો થયો અને પ્રિન્ટ મીડીયા તથા ઈલેકટ્રોનીક મીડીયાની અસર હેઠળ વિશ્વ તેમજ નાનું થતું ગયું. અને દરેક વ્યકિત વિશ્વસ્તરે પોતાનું મુલ્યાંકન કરતો થયો. આ બધાની જબરદસ્ત અસર આપણી યુવા પેઢી પર પડી.

અને આપણો પરંપરાગત કુટુંમ્બનો ઢાંચો તુટવા લાગ્યો. કુટુંમ્બને બદલે દરેક યુવાન પોતાનું વ્યકિતગત હીત વિચારતો થયો. અને પોતાની જરૂરીયાતો તથા મોજશોખ કોઇપણ આગળ-પાછળનાં વિચાર વગર પુરા કરવા, દેખાદેખી અને આંધળું અનુકરણ તથા હુંસા-તુંસીમાં કરકસર કે ભવિષ્યનો વિચાર કર્યા વગરની જીવન શૈલી જીવવા લાગેલ છે. આ હકિકત બેફામ ઝડપથી બાઇક ચલાવતો યુવાન, કાનમાં ઈયરફોન ભરાવીને રસ્તે ચાલતો યુવાન, પોતાને ઘેર આવી ટી. વી. ચેનલોમાં મસ્ત વ્યસ્ત યુવાન જુની પેઢીનાં વડીલો સાથે વાત-ચીત કે સંવાદ અને તેમનાં અનુભવો જાણવાની કોઇ દરકાર વગરનો થતો ગયો છે. વડીલોની ઉપેક્ષા કરતો યુવાન તેનાથી વિમુખ થવાનાં કારણો પોતે જ ઉભા કર્યા છે. હાલનું કુટુંમ્બ પતિ-પત્ની અને બાળકોનું સીંગલ યુનિટ બની ગયું છે. અને પોતાના સીંગલ કુટુંમ્બની જ ચિંતા સાર-સંભાળ તથા મોજ મજા અને હરવા ફરવાં પુરતી મર્યાદામાં પોતાની આવકનો ઉપભોગ પોતે કરવો અને ભવિષ્યની ચિંતા કર્યા વગર લોન ઉછીના પૈસાથી પણ પોતાની ઐષ્ણાઓ પુરી કરવી એજ ધ્યેય આજના સીંગલ યુનિટ કુટુંબનો રહ્યો છે. વડીલો કાકા-મામાં, ફઇ વિગેરેની કોઇ ચિંતા લગભગ આધુનિક યુવાન કરતો ઓછો થયો છે. અને આ બધુ વિદેશની સંસ્કૃતિ જોયા જાણ્યા બાદ અનુકરણ થતું રહ્યું છે. વિદેશમાં તો તેનાથી પણ આગળ કુટુંમ્બનું સંપૂર્ણ વિસર્જન થઇ વ્યકિત જીવન જીવવાની શરૂઆત થઇ ગઇ છે. પુરૂષ કે સ્ત્રી પોતે પોતાની રીતે કોઇપણ બંધન સિવાય રહેવા લાગ્યા છે. અને એકલા રહી ઈચ્છા જાગે ત્યારે સ્ત્રી આર્ટિફીશીયલ ઈન્સેમીનેશન અને પુરૂષ સેરોગેટેડ મધરથી બાળકો મેળવી કુટુંબ અને લગ્ન પ્રથા સંપૂર્ણ નષ્ટ કરી નાખી છે. આવા છૂટા છવાયા બનાવો આપણે ત્યાં પણ બનવા લાગ્યા છે જે ભવિષ્યમાં મોટા ભાઇએ અનુકરણ આપણી યુવા પેઢીમાં થવાની પુરેપુરી શકયતા છે. એટલે આ પ્રકારની સામાજીક વ્યવસ્થામાં થતા ફેરફારમાં વડીલોનું અસ્તિત્વ જોખમમાં છે. એટલે આને પરિણામે આજનો યુવાન જયારે વડીલ કહેવાની ઉંમર પહોંચશે ત્યારે ત્યારે તેની આમાન્ય માન મર્યાદા સાચવવાવાળું કોઇ પેઢી જ નહિં હોય. કુટુંમ્બ વ્યવસ્થા તદન નષ્ટ પામી હશે. વ્યકિત ગત જીવન શૈલીમાં જીવેલો આજનો યુવાન એકલો અટુલો કુટુંમ્બની હુંફ વિનાનો કોઇની સહાનુભુતિ વગર ભટકતો હશે. આજના આંધળા અનુકરણનો અહેસાસ થશે ત્યારે ખુબ જ મોડું થઇ ગયું હશે.

- વી. જે. ઠાકર, (મોરબી)

ગઝલ

દ્રશ્યો રમ્ય બતાવી લલચાવવમાં,
સોનાનું હરણ છે મને બહેંકાવમા.
અંતરના અવાજને સાંભળ ધ્યાનથી,
બૂમાબૂમ કરી એને અટકાવમા.
આપવાની ઉદારતા, સારી વાત છે,
કિન્તુ, આપ્યાનું પ્રદુષણ ફેલાવમા.
નાશ પામે આવડતો બધી,
બીજાને આંજવામાં રસ ધરાવમા.
નરસૈંયાની હુંડી ગણી લખો ગઝલ,
અફવાઓમાં એને વિજય, પલટાવમા,
જીંદગીને જોઇ લીધી રૂબરૂ ધરાઇને,
મોતની વિજય, બીક બતાવમા.

વિજય આશર (જામનગર)

તરડાયેલો ચહેરો

સિસ્મો ગ્રાફીક ડાયલ જેવો,
આ અમારો ચહેરો !!
આંહી નોંધાતા રહે છે, આંચકા,
હતાશાના, ભયના, આર્થીક ભીંસના,
નર્મ વહેવારનાં સામાજીક ચીંસના,
ચહેરો ચિંતાગ્રસ્ત જાણે,
ધરતી કંપથી ધરતી ફાટી,
ઘર માથે, ચીબરીનું બોલવું,
એક ઊંદરડીનો કોતરવાનો અવાજ,
એક કુતરાનું રાત્રે રડવું,
સ્વપ્નમાં સ્ત્રી, કાળી સાડી વાળી,
છકડા ને ટ્રેકટર ધણધણાવે જીગર,
તરડાયેલા ચહેરાને તોડે,
જુના ઘર વેંચા, ફલેટમાં વાસ્તુ,
લ્યો, ઉલમાંથી ચૂલમાં
આફતો પ્રજાને, પીડા પ્રજાને,
રાહતના નામે પ્રજા લુટાણી,
રાજકારણી, અધીકારી, વેપારી,
તિજોરી એની ઉભરાણી,
સ્માઇલ પ્લીઝ, જરા હસો, સોગીયાઓ,
સાથે, સાહેબનું પ્લાસ્ટીક સ્માઇલ,
છે પેસ્ટીસાઇડ !!! જંતુ મરે,
સ્માઇલ, પ્રજા સમસ્તનું પીડા ભરેલું,
નિમાણો, નમાલો, ભાર દેશનો વેંઢારતો,
પોતાની જાતને લુટાતો જોતો ચહેરો !!!
સિસ્મોગ્રાફીક ડાયલ જેવો ચહેરો

-ડો. એન.એમ.મહેતા(રાજકોટ)

તને ખબર નહિ પડે

આંસુઓનું સરનામું? તનેખબર નહી પડે
ભૂલી જવું એટલે શું ? તને ખબર નહી પડે.

ઉડાઉડ છે આખું આકાશ-એ ઈંતિઝારમાં,
એક પંખીનું પ્રગટવું-તને ખબર નહી પડે.

સ્તબ્ધ થઇ ગયો-નખરાળો સમય પણ,
ઉલ્ફતનું આલમ આગવું-તને ખબર નહી પડે.

આઠે આલમના ઉજાગરા છે આંખમાં,
ફુલગુલાબી શમણું-તને ખબર નહી પડે.

અટ્ટહાસો સુણવાની આદત છે તને,
સ્મિત મીઠુ મર્માળુ - તને ખબર નહી પડે.

અર્પણ કરી છે, મેં વિજય, આ ગઝલ તને,
વાહ, વાહમાં પરંતુ- તને ખબર નહી પડે.

પવિજય આશર (જામનગર)

તમો જો બનો...

ભૂતકાળ બની ભૂંસાઇ જાવું છે,
વર્તમાન બની સાથે ચાલવું છે
તમે જો બનો હમસફર ભવિષ્યની સાંકળે બંધાવું છે.

પાનખર બની ખરી જાવું છે
વસંત બની મનને મ્હેંકાવું છે
તમે જો બનો મૌસમ વરસાદ બની વરસી જાવું છે.

આંસુ બની ને વહી જાવું છે.
હાસ્ય બનીને હોઠો પર આવવું છે.
તમે જો બનો હૃદય તસ્વીર બની સમાવું છે.

- જીજ્ઞાસા ચંદારાણા
(રાજકોટ)

-મોહનભાઇ સાથે મહમ્મદભાઇની તુલના ન થઇ શકે

ઝીણા બુદ્ધિમાં જાડા હતા...!!



તંત્રીશ્રી,

તાજેતરમાં શ્રી મહમદઅલી જીન્હા બાબતે બહુ જ મોટો વિવાદ ચાલી રહ્યો છે તેઓશ્રી બીન સાંપ્રદાયીક હતા અને પૂ.ગાંધીજી તથા જવાહરલાલ નહેરૂ કરતા પણ મહાન હતા આવો વિવાદ એક જવાબદાર પ્રધાનના પુસ્તકમાંથી જન્મયો છે આ બાબત જાણીતા લેખક શ્રી દીનકરરાય જોષી લીખીત ૩૦૦ પાનાનું પુસ્તક શ્રી મહમદઅલી જીન્હાનું વાંચી તેમાંથી તટસ્થ પ્રમાણિક અને સત્ય હકીકતો રજુ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

પ્રથમ તો શ્રી ગાંધીજી અને જીન્હા સાહેબ વચ્ચે સરખામણી જ ન થઇ શકે. એક મહાત્મા હતાં બીજા સાહેબ હતા. એક વિશ્વપુરૂષ હતા બીજા પાકિસ્તાન સીમીત હતા એક ત્યાગી સત્યનિષ્ઠ પ્રમાણિક નિષ્ઠાવાન પોતડીધારી મુત્સદી રાજકારણી હતા. બીજા પાશ્વાત્ય રંગે રંગાયેલા ટાઇધારી વસ્ત્રોના શોખીન મહત્વકાંક્ષી રાજકારણી હતા.

શ્રી જીન્હા સાહેબ મુળ સૌરાષ્ટ્રના ગોંડલ પાસેના પાનેલી ગામના વૈષ્ણવ લુહાણા હતા તેના દાદા પુજા ઠક્કરે રાજકોટમાંના આગાખાન પાસે મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યા પછી તેના પરિવારે તેનો ખુબ જ વિરોધ કર્યો પણ આપણા ધર્મગુરૂઓએ તેમને પાછા હિન્દુ ધર્મમાં દાખલ ન કર્યા પરિણામે આખા પરિવારે ધર્મ પરિવર્તન કર્યુ આપણા ધર્મગુરૂઓએ થોડુ ડહાપણ બતાવ્યુ હોત તો કદાચ પાકિસ્તાનનું સર્જન ન થયુ હોત તેમના પિતા જીન્હા ધંધાર્થે કરાંચી ગયા ત્યાં તેમણે 'ઠા પુજા નારણ' નામની પેઢી ખોલી, મહમદનો જન્મ કરાંચીમાં થયો. કરાંચીમાં તેમના લગ્ન થયા અને તેમને એકલાને એક પેઢીમાં નોકરી માટે ઈંગ્લેન્ડ મોકલ્યા નોકરીમાં અનુકુળ નહિ પડવાથી નોકરી છોડી લો કોલેજમાં દાખલ થયાં ત્યાં મહમદઅલી જીણા બદલે મહમદઅલી જીન્હા નામ રાખ્યુ જે ઘણા તેની અટકમાં ગણવા લાગ્યા ત્થા બેરીષ્ટરની પદવી મેળવી કરાંચી બદલે મુંબઇ પ્રેકટીસ માટે પસંદ કર્યુ. મુંબઇમાં ધીકતી વકીલાત શરૂ કરી વકીલાતમાં તેમની નામના સારી હતી. એક પ્રમાણિક વકીલ તરીકે તેઓ થોડા સમયમાં મુંબઇમાં પ્રખ્યાત થઇ ગયા દસ વર્ષ પછી ગાંધીજીનું આફ્રિકાથી હિન્દુસ્તાનમાં આગમન થયુ. જીન્હા સાહેબ કોંગ્રેસમાં જોડાયા બંનેનુ ધ્યેય હિંદની આઝાદીનું હતુ પણ જીન્હા સાહેબને ગાંધીજીની પોલીસી-અસહકાર ઉપવાસ પ્રત્યે નફરત હતી. તેઓ માનતા કે આ રીતે ગાંધીજી દેશને ગુમરાહ કરી રહ્યા છે. જીન્હા સાહેબે કદી નમાઝ પઢી નથી છતાં તેની લોકપ્રિયતા જોઇ ના આગાખાને તેમને લીગના વડા બનાવવાની ઓફર કરી પણ ત્યારે તેમણે કહેલુ કે પહેલા દેશ પછી ધર્મ, આ બધુ ઇ.સ.૧૯૩૦ સુધી ચાલ્યુ પણ દરમિયાન ગાંધીજીની ખ્યાતી તેમનુ કદ જાહેર સભાઓમાં વિશાળ મેદની, તેમની પાછળ મરી ફીટવાવાળા સ્વયંસેવકો, તેમની પ્રતિભા ! આ બધુ જીન્હા સાહેબ સહન કરી શકયા નહી. ગાંધીજી કરતા તેમની ગાડી કયાંય પાછળ ચાલવા લાગી આથી પોતાની મહત્વાકાંક્ષા સંતોષવા ઈસ્લામનો સહારો લેવાનો નિર્ણય કર્યો. લીંગના વડા બન્યા અને ચર્ચીલની ચડામણીથી પાકિસ્તાનની માંગણી શરૂ કરી અને તુરત જ ઈસ્લામ ધર્મના મસીહા બની ગયા. ગાંધીજીની સમકક્ષ થવામાં તેમણે પોતાના બીનમજહબીપણાનું બલીદાન આપ્યુ અને અંગ્રેજોની કુટનીતીના ભોગ બન્યા.



તેમના અંગત જીવનની ચર્ચા કરીએ તો તેમના પત્નિ કરાંચીમાં ગુજરી ગયા હતા. મુંબઇ તેમના એક ગાઢ પારસી મિત્ર દિનશા મહેતા તેમને દાર્જીલીંગ તેમની સાથે ફરવા લઇ ગયા તેમના બંગલામાં જ રાખ્યા ત્યાં તેમની ૧૬ વર્ષની ખુબ સુંદર પુત્રી રત્ના સાથે પ્રેમ થઇ ગયો અને લગ્ન કરવાનું નક્કી કરી લીધુ ત્યારે જીન્હા સાહેબની ઉંમર ૪૨ વર્ષની હતી. બે વર્ષ પછી પુખ્ત ઉંમર થતા સાદી કરી લીધી આ એક જબરદસ્ત મિત્ર દોહ-વિશ્વાસઘાત હતો. શરૂના પાંચ વર્ષ તેમનું લગ્ન જીવન સારૂ ચાલ્યુ પણ પછી તેની બેન ફાતીમાં અને તેમની મહત્વકાંક્ષાએ લગ્ન જીવન એવુ બગાડયુ કે રત્ના જે રૂટીના નામે ઓળખાતી તે તાજમહાલ હોટલમાં રહેવા ચાલી ગઇ ત્યાં ભારે માનસિક તણાવ અને યાતનાને લઇ હેરોઇનના રવાડે ચડી ગઇ અને ત્યાં જ મૃત્યુ પામી મૃત્યુ સમયે તેની પાસે કોઇ ન હતું. તેણે વીલ કરેલુ કે મૃત્યુ બાદ તેમને હિન્દુવિધિ મુજબ અગ્નિદાહ દેવામાં પણ તેમ કરે તો જીન્હા સાહેબની મુસ્લિમ જગતમાં નામના બગડે એટલે આ 'કાયદા અઝમે' તેમની દફનવિધિ કરી નાંખી. તેની એક માત્ર પુત્રી દિનાની ઈચ્છા પારસીમાં લગ્ન કરવાની હતી પણ જીન્હા સાહેબે તેનો સખત વિરોધ કર્યો. મુસ્લિમ સિવાય લગ્ન થઇ જ ન શકે પણ પુત્રીએ દલીલ કરી કે તમે મારી માતા પારસી સાથે લગ્ન કરી શકો તો હું પારસી સાથે કેમ લગ્ન ન કરી શકું જીન્હા સાહેબની ઈચ્છા વિરૂધ્ધ નેવીલ વાડીયા સાથે લગ્ન કર્યા જે હાલ તેમના પુત્ર નસલી વાડીયા મોટા ઉદ્યોગપતિ છે અને મુંબઇના જીન્હા હાઉસ માટે દાવો કરી રહ્યા છે. કરાંચીથી તેમના માતા-પિતા મુંબઇ આવી ગયેલા પણ તેમણે બહુ પ્રોત્સાહન નહી આપ્યુ માત્ર તેની બેન ફાતીમાને ભણાવી જે છેક સુધી સાથે રહી.

હવે મુળ વાત ઉપર આવીયે તો ઇ.સ. ૧૯૪૫ પછી હિન્દુસ્તાન-પાકિસ્તાનની ઝુંબેશ જોરશોરથી ચાલી રહી હતી. ગાંધીજીએ જીન્હા સાહેબને ખુબજ સમજાવ્યા સામે ચાલીને તેમના ઘરે મંત્રણા કરવા ગયા ૨૨ દિવસ મંત્રણા ચાલી હિન્દુસ્તાનના વડાપ્રધાન બનાવવાની ઓફર કરી પણ જીન્હા ટસનામસ ન થયા. ગાંધીજીના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા ગાંધીજી ખુબજ નિરાશ થયા તેમણે કહ્યુ કે મારી જીંદગીમાં હું બે વ્યકિત એક હરીલાલ અને બીજા જીન્હાને ન સમજાવી શકયો છેવટે હિન્દુસ્તાનના બે ભાગલા ગાંધીજીના વિરોધ વચ્ચે પાડવા પડયા નહેરૂ-સરદારની મજબુરી હતી એટલે પાકિસ્તાનનું સર્જન નહેરૂ-સરદારની મજબુરી અને જીન્હા સાહેબની મહત્વાકાંક્ષાને આભારી છે. અંગત રીતે મને એમ લાગે છે કે કદાચ બંને સંયુકત હોત તો પણ તેનુ ભવિષ્ય બહુ સારૂ ન હોત. નિયતિને કોઇ મીટાવી શકતુ નથી એટલે કોઇને દોષ દેવો યોગ્ય નથી.

-ચંદુલાલ પટેલ (જસદણ)

આજે દેવદિવાળી, કાલે દેવ બેસતું વર્ષ... દરેક દેવોને પ્રાર્થના-નમાલાપણાના કારણે ભારતીયો પરેશાન થાય છે, દરેકને જોમ-જુસ્સો-ખુમારી બક્ષો !